વિકલાંગ શિષ્યવૃત્તિ યોજનામાં વિદ્યાર્થીના વાલીની
આવક મર્યાદાની જોગવાઈ નાબૂદ કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંકઃ- અપગ/૧૦૨૦૧૫/૭૬૬૩૭૫/છ-૧
સચિવાલય, ગાંધીનગર
તારીખ :- ૧૧ / ૧૨ /૨૦૧૫.

<u>વંચાણે લીધાઃ-</u>

(૧) આ વિભાગનો ઠરાવ ક્ર- અપગ/૧૦૨૦૧૨/૫૯૪૪૩૩/છ-૧, તા.૧/૩/૨૦૧૩
(૨) આ વિભાગનો ઠરાવ ક્રમાંકઃ- અપગ/૧૦૨૦૧૫/૫૮૧૩૮૯/છ-૧, તા.૧૩/૫/૨૦૧૫
(૩) આ વિભાગનો ઠરાવ ક્ર- સશપ/૧૦૨૦૧૫/૭૪૨૦૫૪/અ-૧, તા.૧૩/૧૦/૨૦૧૫
(૪) નિયામકશ્રી,સ.સુ.ની કચેરીનો તા.૨૧/૧૦/૧૫નો પત્ર ક્ર- અપગ/વિક.શિષ્યવૃત્તિ આવક મર્યાદા/૧૫-૧૬/૩૧૭.

## <u>ઠરાવ :-</u>

સમાજ સુરક્ષા ખાતા ધ્વારા સંચાલિત વિકલાંગોની સરકારી અને સ્વૈચ્છિક સંસ્થાઓમાં સામાન્ય અને ગરીબ વાલીઓના બાળકો છાત્રાલયમાં રહી અભ્યાસ કરતા હોય છે. સરકારશ્રી ધ્વારા નિયત કરેલ ટોચ મર્યાદાની મર્યાદામાં રહીને અનુદાન આપવામાં આવે છે.ઘણી સંસ્થાઓમાં બાળકો ટોચ મર્યાદા કરતા વધુ સંખ્યામાં છાત્રાલયમાં નિવાસ કરે છે. જેનો ખર્ચ સ્વૈચ્છિક સંસ્થાઓ પોતાના ભંડોળમાંથી કરે છે, અથવા બાળકના વાલી પર તેનું ભારણ આવે છે. સમાજ સુરક્ષા ખાતા હેઠળ વિકલાંગોને શિષ્યવૃત્તિની યોજના તા.૯/૭/૧૯૬૫ થી અમલમાં છે. જેમાં છેલ્લે ઉપર ક્રમ-(૨) સામે વંચાણે લીધેલ આ વિભાગના તા.૧૩/૫/૨૦૧૫ ના ઠરાવથી વિભાગ હેઠળની વિવિધ કલ્યાણકારી યોજનાઓમાં વાર્ષિક આવક મર્યાદા ગ્રામ્ય વિસ્તારો માટે રૂ.૪૭,૦૦૦/- અને શહેરી વિસ્તારો માટે રૂ.૬૮,૦૦૦/- કરવામાં આવેલ હતી.

તાજેતરમાં માન. મુખ્ય મંત્રીશ્રી સ્વાવલંબન યોજના અંતર્ગત અનુસૂચિત જાતિઓ, સા. અને શૈ. પછાત વર્ગો, બિન અનામત આર્થિક પછાત વર્ગો, વિચરતી અને વિમુક્ત જાતિઓ તેમજ લઘુમતિઓના પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા બાળકોને આ વિભાગના તા.૧૩/૧૦/૨૦૧૫ના ઠરાવ ક્ર- સશપ/૧૦૨૦૧૫/૭૪૨૦૫૪/અ-૧ થી ગણવેશ સહાય અને શિષ્યવૃત્તિ આપવા માટે બાળકના વાલીની આવક મર્યાદા નાબુદ કરવામાં આવેલ છે.

ઉપરોક્ત જોગવાઈઓના સંદર્ભમાં વિકલાંગ બાળકોને આપવામાં આવતી શિષ્યવૃત્તિમાં પણ એકસૂત્રતા જળવાય અને મહત્તમ વિકલાંગ બાળકોને તેનો લાભ મળી શકે તે હેતુથી વિકલાંગ વિદ્યાર્થીના વાલીની વાર્ષિક આવકની મર્યાદા નાબૂદ કરવા માટે પણ નિયામકશ્રી,સ.સુ.ની કચેરીના

તા.૨૧/૧૦/૨૦૧૫ના પત્રથી દરખાસ્ત કરવામાં આવેલ, જે વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને અંતે ઉપર ક્રમ-(૨) સામે વંચાણે લીધેલ આ વિભાગના તા.૧૩/૫/૨૦૧૫ના ઠરાવથી વિભાગ હેઠળની વિવિધ કલ્યાણકારી યોજનાઓમાં વાર્ષિક આવક મર્યાદા ગ્રામ્ય વિસ્તારો માટે રૂ.૪૭,૦૦૦/- અને શહેરી વિસ્તારો માટે રૂ.૬૮,૦૦૦/- કરવામાં આવેલ હતી તેને બદલે માન. મુખ્યમંત્રીશ્રી સ્વાવલંબન યોજનાના ધોરણે વિકલાંગ બાળકોને આપવામાં આવતી શિષ્યવૃત્તિમાં વિકલાંગ વિદ્યાર્થીના વાલીની વાર્ષિક આવકની મર્યાદાની શરત નાબૂદ કરવામાં આવે છે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની તા.૭/૧૨/૨૦૧૫ અંતિત નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( એમ. એલ. ભગોરા )
ઉપ સચિવ,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

પ્રતિ,

(૧) માન. મંત્રીશ્રી (સા.ન્યા.) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
(૨) અ.મુ. સચિવશ્રી (સા.ન્યા.), સામાજીક ન્યાય અને અધિ.વિ.ના અંગત સચિવશ્રી, સચિવાલય.
(૩) અ.મુ. સચિવશ્રી (નાણા), નાણા વિભાગ ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
(૪) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, બ્લોક નં.-૧૬, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
(૫) વિકલાંગ વ્યક્તિઓ માટેના કમિશ્નરશ્રી, બ્લોક નં.-૧૬, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
(૬) સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી, (નિયામકશ્રી, સમાજ સુરક્ષા,ગાંધીનગર મારફતે)
(૭) એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત, અમદાવાદ / રાજકોટ.
(૮) નિવાસી ઓડીટ અધિકારીશ્રી, અમદાવાદ / ગાંધીનગર.
(૯) નાણા સલાહકારશ્રી (સા.ન્યા. અને અ.વિભાગ), બ્લોક નં.-૧૪, બીજો માળ,સચિ.,ગાંધીનગર.
(૧૦) સર્વે શાખાઓ, સા.ન્યા. અને અધિ.વિભાગ, સચિવાલય,
(૧૧) સેકશન અધિકારીશ્રી, કોમ્પ્યુટરસેલ / શાખા, સા.ન્યા. અને અધિ.વિભાગ, સચિ., ગાંધીનગર..
વિભાગની વેબ સાઈટમાં છ-૧/શાખાના હુકમોની યાદીમાં સમાવિષ્ટ કરવાની વિનંતી સાથે.
(૧૨) સીલેક્ટ ફાઈલ, છ-૧ / શાખા.

# # # # # # #